Extra No. 345

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **WEDNESDAY, SEPTEMBER 24, 2025 / ASVINA 2, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

(૧) ઉપ સચિવશ્રી(કા.વ્ય.), ગૃહ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: વિ-૧/કઅવ/ ૧૦૨૦૨૪/૮૨, તા.૩૦/૦૫/૨૦૨૪

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંક: LIB/પ્રતિબંધાત્મક/સ્થળો/૨૩૬૬/૨૦૨૪, તા.૦૧/૦૬/૨૦૨૪

(૩) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંક: LIB/પ્રતિબંધાત્મક/સ્થળો/૨૩૮૩/૨૦૨૪, તા.૦૩/૦૬/૨૦૨૪

(૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજપીપળાના પત્ર ક્રમાંક/એમએજી/વશી/૧૨૯૮/૨૦૨૪, તા. ૩૧/૦૫/૨૦૨૪

(૫) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, દેડીયાપાડાના પત્ર ક્રમાંક: એમએજી/વશી/૧૩૭૮, તા.૩૧/૦૫/૨૦૨૪

(૬) અધિક કલેક્ટરશ્રી-૧, એસઓયુએડીટીજી ઓથોરીટી, એકતાનગરના પત્ર જા.નં. યુનિટ-૨/જળાશય પ્રતિબંધ/વશી/૭૩૧ થી ૭૩૨/૨૦૨૪ તા.૧૩/૦૬/૨૦૨૪

(૭) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક: એમએજી/જાહેરનામુંવશી/૮૧૬૮ થી ૮૨૦૪/૨૦૨૪, તા. ૧૪/૦૬/૨૦૨૪

(૮) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા. ૧૯/૦૭/૨૦૨૪

જાહેરનામુ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૧૧૪૬૧ થી ૧૧૪૯૯/૨૦૨૫.-ગૃહ વિભાગ, ગાંધીનગરના વંચાણ-(૧)ના પત્રથી અત્રેના ક્ષેત્રાધિકારમાં આવેલ જળાશયો સંદર્ભે જ્યાં જ્યાં ડૂબી જવાની ઘટનાઓ બનવાની શક્યતા હોય તેવા ભયજનક સ્થળોની યાદી બનાવી, આ પ્રકારના ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા સૂચના આપવામાં આવેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-(૨) અને (૩), સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજપીપળા દ્વારા વંચાણ (૪) અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, દેડીયાપાડા દ્વારા વંચાણ-(૫) પત્રોથી જિલ્લામાં આવેલ જળાશયો સંદર્ભે જ્યાં જ્યાં આવી ઘટનાઓ બનવાની શક્યતા હોય તેવા ભયજનક સ્થળોની યાદી મોકલી, સદરહુ ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

જે પૈકી એસઓયુએડીટીજી ઓથોરીટી, એકતાનગરના વિસ્તારમાં આવેલ સ્થળો ખાતે પ્રતિબંધ મુકવા અધિક કલેક્ટરશ્રી-૧, એસઓયુએડીટીજી ઓથોરીટી, એકતાનગર દ્વારા વંચાણ-(૬)ના પત્રથી હકારાત્મક અભિપ્રાય આપવામાં આવેલ છે.

જે ધ્યાને લઈ અત્રેની કચેરીના સંદર્ભ-(૭)ના જાહેરનામાથી જિલ્લામાં આવેલ કુલ-૪૬ ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિઓ/પ્રવાસીઓના જળાશયોમાં નહાવા તથા અન્ય કારણોસર પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ હતો. તેમજ સદરહુ જાહેરનામાની મુદ્દત પૂર્ણ થતાં વખતોવખત પુનઃ જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું. છેલ્લે બહાર પાડેલ જાહેરનામાની મુદ્દત થયેલ હોય, પુનઃ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

હુકમ

આથી હું સી.કે.ઉઘાડ(જી.એ.એસ), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ ૧૬૩ તથા વંચાણ-(૮)થી મળેલ સત્તાની રૂએ અત્રેના જિલ્લામાં આવેલ નીચે મુજબના ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિઓ/પ્રવાસીઓના જળાશયોમાં નહાવા તથા અન્ય કારણોસર પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અ.નં.	તાલુકાનું નામ	સ્થળનું નામ
૧	નાંદોદ	જીતગઢ કરજણ ડેમના નીચેના ભાગે
૨	નાંદોદ	પોઈચા ભાઠા
૩	નાંદોદ	માંડણ ગામ
૪	નાંદોદ	રામપુરા ઘાટ
૫	નાંદોદ	કાળીયાભૂત ધોધ (જીતનગર બાર ફળિયા ગામ)
૬	નાંદોદ	ગામડી ભાઠા
૭	નાંદોદ	કરજણ ઓવારા
૮	નાંદોદ	ગુવાર ભાઠા
૯	નાંદોદ	કરજણ બ્રીજ (રંગ અવધુત પાસે)
૧૦	નાંદોદ	પોઈચા બ્રીજ નીચે નર્મદા નદીમાં
૧૧	નાંદોદ	ઓરી નર્મદા નદીનો કિનારો
૧૨	નાંદોદ	સિસોદ્રા નર્મદા નદીનો કિનારો
૧૩	નાંદોદ	પાટણા નર્મદા નદીનો કિનારો
૧૪	નાંદોદ	વરાછા નર્મદા નદીનો કિનારો
૧૫	નાંદોદ	જુના ઘાંટા ધોધ (ચોમાસા દરમિયાન)
૧૬	નાંદોદ	વિસાલખાડી
૧૭	નાંદોદ	બાર ફળિયા વણઝર ખાતે કરજણ નદીમાં
૧૮	નાંદોદ	જુનારાજ
૧૯	ગરૂડેશ્વર	ગોરા હરિધામ આશ્રમના પાછળના ભાગે આવેલ ઓવારા
૨૦	ગરૂડેશ્વર	ગરુડેશ્વર વિયર ડેમના પાછળના ભાગે
૨૧	ગરૂડેશ્વર	ગરુડેશ્વર દત્ત મંદિર ઓવારા
૨૨	ગરૂડેશ્વર	વાસલા નદી કિનારા વિસ્તાર
૨૩	ગરૂડેશ્વર	એકતા ક્રુઝ જેટી પોઈન્ટ - ૦૧ (રમાડા હોટેલ પાછળ)
૨૪	ગરૂડેશ્વર	સૂર્ય કુંડ (વાગડીયા)
૨૫	ગરૂડેશ્વર	વાગડીયા ગામ જુના બ્રીજ પાસે
૨૬	ગરૂડેશ્વર	ગોરા નવા બ્રીજ પાસે
૨૭	ગરૂડેશ્વર	ગોરા ત્યાગી ઘાટ (નર્મદા ઘાટ, નર્મદા આરતી સ્થળ પાસે)
૨૮	ગરૂડેશ્વર	સ્ટેચ્યુ ઓફ યુનિટી જેટી પોઈન્ટ

અ.નં.	તાલુકાનું નામ	સ્થળનું નામ
૨૯	ગરૂડેશ્વર	વ્યૂ પોઈન્ટ નં.-૦૧ (સરદાર સરોવર ડેમ)
૩૦	ગરૂડેશ્વર	વ્યૂ પોઈન્ટ નં.-૦૨ (સરદાર સરોવર ડેમ)
૩૧	ગરૂડેશ્વર	સરદાર સરોવર ડેમ
૩૨	ગરૂડેશ્વર	સરદાર સરોવર ડેમ પાછળ આવેલ બોટ પોઈન્ટથી મોખડી પોટાહાટ સુધી
૩૩	ગરૂડેશ્વર	ડાઈક નં.-૦૧ ટેન્ટ સીટી-૨ પાસે
૩૪	ગરૂડેશ્વર	ડાઈક નં.-૦૨ ટેન્ટ સીટી-૨ પાસે
૩૫	ગરૂડેશ્વર	ડાઈક નં.-૦૩ ટેન્ટ સીટી-૨ પાસે
૩૬	ગરૂડેશ્વર	ઝીરો પોઈન્ટ ભૂમલિયા (કેનાલ)
૩૭	ગરૂડેશ્વર	વોટર એરોડ્રોમ
૩૮	ગરૂડેશ્વર	ઝરવાણી ધોધ
૩૯	ગરૂડેશ્વર	ખલવાણી
૪૦	તિલકવાડા	તિલકવાડા નર્મદા નદી ઓવારો
૪૧	તિલકવાડા	રેંગણ નર્મદા નદી ઓવારો
૪૨	તિલકવાડા	વાસણ - નર્મદા નદી કાંઠા વિસ્તાર
૪૩	દેડીયાપાડા	નીનાઈ ધોધ
૪૪	દેડીયાપાડા	કોકમ હનુમાનજી મંદિર
૪૫	સાગબારા	ચોપડવાવ ડેમ
૪૬	સાગબારા	નાના કાકડી આંબા ડેમ

// **અમલવારીનો સમય** //

આ જાહેરનામું જાહેરનામાની તારીખથી તા.૨૨/૧૧/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

// **શિક્ષા** //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા. ૨૩-૦૯-૨૦૨૫.

સી.કે.ઉધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા-રાજપીપળા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 17:16:56 IST